For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in


# શેરબજારમાં વોટ્સએપથી 'પંપ & ડમ્પ' સ્કેમ

**અમદાવાદ,** ગાંધીનગર, સુરત, ભાવનગર સહિત ૬ શહેરોમાં ઈડીના ૨૯ સ્થળે દરોડા, રૂ. ૨૦૦ કરોડનાં ટ્રેડિંગ એકાઉન્ટ ફ્રીઝ કર્યા

**આરએમ** ડ્રીપ અને સ્પીન્કલર્સ સિસ્ટમ્સ લિ. અને આર એન્ડ બી ડેનિમ્સ લિ.ના શેરમાં ભાવ કૃત્રિમ રીતે વધારી રોકાણકારોને ફસાવ્યાની આશંકા

**ગુજરાતના** ભાવનગરથી ચાલતાં હતાં 'મલ્ટિબેગર સ્ટોક્સ'નાં વોટ્સએપ ગ્રુપ

ગાંધીનગર: શેરબજારમાં સામાન્ય રોકાણકારોને ઊંચા વળતરની લાલચ આપીને ફસાવવાના કથિત 'પંપ એન્ડ ડમ્પ' કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ મોટી કાર્યવાહી કરી છે. વોટ્સએપ ગ્રૂપ અને અન્ય સામાજિક માધ્યમો દ્વારા બે લિસ્ટેડ કંપનીઓના શેરના ભાવ કૃત્રિમ રીતે વધારીને રોકાણકારોને ઊંચા ભાવે શેર ખરીદવા પ્રેરિત કરવાના મામલે ઈડીની ટીમે મુંબઈ, નાશિક, અમદાવાદ, ગાંધીનગર, સુરત અને ભાવનગરમાં કુલ ૨૯ સ્થળોએ દરોડા પાડ્યા છે.

આ કાર્યવાહી દરમિયાન સંબંધિત ...અનુસંધાન પાના 5 પર

## સસ્તા ભાવે ૩.૫ કરોડથી વધુ શેરની ફાળવણી

ઈડીની તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, એપ્રિલ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪ દરમિયાન બંને કંપનીઓએ પસંદગીના લોકો અને સંસ્થાઓને પ્રેફરન્શિયલ એલોટમેન્ટ મારફતે ૩.૫ કરોડથી વધુ શેર અને કન્વર્ટિબલ વોરન્ટ્સ ફાળવ્યાં હતાં. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, આ ફાળવણીનો મોટો હિસ્સો એકબીજા સાથે જોડાયેલા લોકો, ફર્મો અને ધિરાણકર્તાઓના મર્યાદિત વર્તુળ સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ શેરના ભાવમાં વધારો થવાની પ્રક્રિયા અને વોટ્સએપ ગ્રૂપ મારફતે ચાલેલી ખરીદીની ભલામણો વચ્ચેના સંબંધની તપાસ હાથ ધરવામાં આવી છે.







## 'મલ્ટિબેગર સ્ટોક્સ'ના નામે રોજ ખરીદીની ટિપ્સ

ડિસેમ્બર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન 'મલ્ટિબેગર સ્ટોક્સ' જેવાં નામ ધરાવતા વોટ્સએપ ગ્રૂપ દ્વારા છૂટક રોકાણકારોને આ બંને શેર ખરીદવાની રોજિંદી ટિપ્સ આપવામાં આવતી હતી. EDના જણાવ્યા મુજબ, આ ગ્રૂપ હરિયાણા અને મુંબઈનાં નામે મેળવેલા સિમ કાર્ડથી ચલાવવામાં આવતાં હતાં, જ્યારે તેનું સંચાલન ગુજરાતના ભાવનગરથી થતું હોવાની વિગતો તપાસમાં સામે આવી છે. વોટ્સએપ ઉપરાંત ટ્વિટર (X), એસએમએસ સહિતનાં માધ્યમો દ્વારા પણ શેર ખરીદવા માટે પ્રચાર કરવામાં આવ્યો હતો. આ પ્રચારને પગલે સંબંધિત શેરોમાં ખરીદદારોની સંખ્યા અને વેપારનું પ્રમાણ વધ્યું હતું, જેના કારણે ભાવમાં પણ ઉછાળો આવ્યો હતો. બીજી તરફ, શેરના ભાવમાં વધારો થતો હોવા છતાં કંપનીઓના શેર લાંબા સમય સુધી લગભગ એક જ સ્તરે રહેતા હોવાની વિગતો પણ તપાસમાં સામે આવી છે. ઈડીના તપાસનીશ અધિકારીઓને શંકા છે કે શરૂઆતમાં સસ્તા ભાવે શેર મેળવનાર લોકોએ ભાવ વધ્યા બાદ પોતાના શેર ઊંચા ભાવે સામાન્ય રોકાણકારોને વેચીને મોટો ફાયદો મેળવ્યો હતો. શેરના ભાવ વધારીને પછી શેર વેચી દેવાની આ પદ્ધતિને શેરબજારની ભાષામાં 'પંપ એન્ડ ડમ્પ' કહેવામાં આવે છે.

## પારિવારિક જોડાણ ધરાવતા લાભાર્થી જૂથોની ઓળખ

દરોડા દરમિયાન ઈડીની ટીમે 'Affluence Gems', 'Kawa HUF' અને 'Komalay Consultancy' સહિતનાં નામો સાથે જોડાયેલા લાભાર્થી જૂથોની ઓળખ કરી હોવાનું ...અનુસંધાન પાના 5 પર

## સુરતના પલસાણાની R&B ડેનિમ્સ પણ EDના રડારમાં

સુરત : શેરબજારમાં વોટ્સએપ ગ્રૂપ મારફતે રોકાણકારોને ઊંચા વળતરની લાલચ આપી શેરના ભાવમાં કૃત્રિમ ઉછાળો લાવવાના કથિત કૌભાંડમાં સુરતના પલસાણા તાલુકામાં આવેલી R&B ડેનિમ્સ લિમિટેડ કંપની પણ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની તપાસના દાયરામાં આવી છે. EDની મુંબઈ ઝોનલ ઓફિસ-1 દ્વારા 16 ઓક્ટોબર, 2026ના રોજ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002 હેઠળ મુંબઈ, નાશિક, અમદાવાદ, ગાંધીનગર, ...અનુસંધાન પાના 5 પર

# અયોધ્યાના રામલલ્લાને હવે સુરતના કાપડમાંથી બનેલાં વસ્ત્રો પહેરાવાશે

**અત્યાર** સુધી દિલ્હીના ડિઝાઇનર મનીષ મલ્હોત્રા વસ્ત્રો તૈયાર કરતા હતા

**અયોધ્યાના** ભગવતપ્રસાદ પહાડી સુરતથી મોકલેલા કાપડમાંથી રામલલ્લા માટે વસ્ત્રો તૈયાર કરશે


રામલલ્લાનાં વસ્ત્રો સીવનાર ટેલર ભગતપ્રસાદ પહાડી




સુરત : આજે ભગવાન શ્રીરામે લંકાપતિ રાવણનો વધ કર્યો હતો જેના કારણે સમગ્ર દુનિયામાં દશેરાની ઉજવણી થશે. ત્યારે આજના દિવસે રામ ભગવાનનો જન્મ જ્યાં થયો તે સ્થળને યાદ કરવું જોઇએ. સુરત માટે અત્યંત ગર્વની કહી શકાય તે વાત એ ...અનુસંધાન પાના 5 પર

### શ્રીરામના અઠવાડિયાનાં જુદાં જુદાં વસ્ત્રો

| વાર | રંગ |
|---|---|
| સોમવાર | સફેદ |
| મંગળવાર | લાલ |
| બુધવાર | લીલા |
| ગુરુવાર | પીળા |
| શુક્રવાર | ક્રીમ |
| શનિવાર | વાદળી |
| રવિવાર | ગુલાબી |



**દશેરાએ પરંપરાગત ખવાતા ફાફડા-જલેબીમાં પણ સુરતીઓ હવે નવું શોધી લાવ્યા**

# ફાફડાની ચાટ, ચીઝ કેક અને ચોકલેટ જલેબીનું નવું ફ્યુઝન

**સુરતમાં** દશેરાએ 5 કરોડથી વધુના ફાફડા-જલેબી ખવાઈ જવાનો અંદાજ



સુરત: દશેરા એટલે ફાફડા-જલેબીનો સ્વાદ માણવાનો અવસર. સુરતીઓ માટે દશેરાના પર્વે ફાફડા-જલેબી ખાવાની પરંપરા હવે મોટા વેપારનું સ્વરૂપ લઈ ચૂકી છે. એક અંદાજ મુજબ અંદાજ મુજબ, દશેરાના એક જ દિવસમાં સુરત શહેરમાં રૂ. 5 કરોડથી વધુનો ફાફડા-જલેબીનો વેપાર થવાનો અંદાજ છે. આ દિવસે આશરે 80થી 100 ટન ફાફડા અને જલેબીનું ઉત્પાદન કરીને વેચાણ કરવામાં આવે છે. જોકે, કાચા માલથી લઈને ઈંધણ સુધીના ખર્ચમાં વધારો થતાં આ ...અનુસંધાન પાના 5 પર

## ક્રિસ્પી જલેબી ઉપર રબડી અને તેની પર ડ્રાયફ્રૂટનું ગાર્નિશિંગ કરી પીરસાય છે

સુરતનાં મિઠાઈ વિક્રેતાઓ ક્રીસ્પી જલેબી રબડી બનાવીને તેની ઉપર ડ્રાયફ્રૂટ્સનું ગાર્નિશિંગ કરી શોપમાં જ પિરસે છે. સાથે સાથે જલેબી ચીઝકેક પણ લોકપ્રિય ફ્યુઝન ડેઝર્ટ છે. આ વેરાટીમાં ક્રીમ ચીઝના સ્તર વચ્ચે કડક જલેબીના ટુકડા ગોઠવીને ફ્યુઝન કેક તૈયાર કરાય છે. અન્ય વેરાયટીઓમાં ચોકલેટ જલેબી નાના બાળકોમાં ખાસ આકર્ષણ છે. જેમાં પરંપરાગત ખાંડની ચાસણીને બદલે જલેબીને ઓગાળેલી ડાર્ક મિલ્ક ચોકલેટમાં ડૂબાડીને ફ્લેવર જલેબી બનાવાય છે.

## નાચોસ સ્ટાઈલના ફાફડા ચાટ પણ ઓર્ડર મુજબ ફરસાણ વિક્રેતાઓ બનાવે છે

સુરતીઓએ હવે ફાફડામાં પણ વેરાઈટી બનાવવા માંડી છે. જેમાં નાચોસ સ્ટાઈલનાં ફાફડા ચાટ ફરસાણ વિક્રેતાઓ ઓર્ડર મુજબ ગ્રાહકોને બનાવી આપે છે. ફાફડાના ટુકડા કરી તેના પર મેક્સિકન નાચોસની જેમ ડુંગળી, ટામેટા, ચીઝ સોસ, સાલસા અને સેવ ભભરાવીને ચટાકેદાર ફાફડા ચાટ બનાવવામાં આવે છે. ખાસ કરીને જેન-ઝી આ વેરાઈટીને પંસદ કરી રહ્યા છે. કેટલાક ફરસાણ ...અનુસંધાન પાના 5 પર

## ગત વર્ષ કરતાં આ વખતે ફાફડા-જલેબીના ભાવમાં કિલોએ 100 રૂપિયાનો વધારો

સુરતના ફરસાણના વેપારીઓ ચંદ્રકાંતભાઈ પટેલ અને મુકેશભાઈ ઠક્કરના જણાવ્યા મુજબ, ગયા વર્ષની સરખામણીએ ફાફડા-જલેબીના ભાવમાં આશરે રૂ. 100નો વધારો નોંધાયો છે. ચણાનો લોટ, ખાંડ, ઘી, તેલ અને મેંદા સહિતની કાચી સામગ્રીના ભાવ વધ્યા છે.
સાથે જ ગેસના ભાવમાં થયેલા વધારાથી ઉત્પાદન ખર્ચ પણ ઊંચો ગયો છે. તેની સીધી અસર તૈયાર ફરસાણના ભાવ પર પડી છે.વેપારીઓના જણાવ્યા મુજબ, ...અનુસંધાન પાના 5 પર

## સુરતી ફાફડા-જલેબીની વિદેશોમાં પણ ખાસ્સી માંગ

સુરતના ફાફડા-જલેબીનો સ્વાદ માત્ર દક્ષિણ ગુજરાત પૂરતો મર્યાદિત રહ્યો નથી. વિદેશોમાં વસતા ગુજરાતી પરિવારોમાં પણ આ પરંપરાગત વાનગીની ખાસ્સી માગ રહે છે. અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સહિતના દેશોમાં રહેતા ગુજરાતીઓ માટે સુરતથી ફાફડા-જલેબી પાર્સલ કરીને મોકલવામાં આવે છે. ફરસાણના વેપારી મુકેશભાઈ ઠક્કરના જણાવ્યા મુજબ, વિદેશમાં મોકલવાના ઓર્ડર માટે હવાચુસ્ત અને વેક્યૂમ પેકિંગ સહિતની વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવે છે. ફાફડા સાથે પીરસવામાં આવતી સૂકી ચટણી પણ ખાસ રીતે તૈયાર કરવામાં આવે છે. તેમાં પાણી ઉમેરતાં જ ચટણી ...અનુસંધાન પાના 5 પર

# ટાઈગર શ્રોફ પર ફાયરિંગ કરનારા શકમંદો સુરતથી ટ્રેઈનમાં બેઠા હતા!

**ફાયરિંગ** કર્યા બાદ શુટરો બાયરોડ સુરત આવ્યા અને સુરતથી પુણે-જયપુર એક્સપ્રેસ ટ્રેનમાં ચડ્યા

**માહિતીને** પગલે મુંબઈ ક્રાઈમ બ્રાંચે સુરત દોડી આવી આ ટ્રેનના જનરલ કોચનાં CCTV ફૂટેજ ફંફોસ્યાં

સુરત : મુંબઈમાં રવિવારે બોલિવુડ એક્ટર ટાઈગર શ્રોફ પર ફાયરિંગની બનેલી ઘટના બાદ લોરેન્સ બિશ્નોઈ ગેંગના શંકાસ્પદોની શોધમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમ મોડી રાત્રે ...અનુસંધાન પાના 5 પર

## મુંબઈ ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ સર્વેલન્સ રૂમમાં જાતે બેસીને જોયાં ફૂટેજ

ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ સુરત સ્ટેશને પહોંચ્યા બાદ સ્થાનિક RPF કર્મચારીઓ પાસેથી માત્ર CCTV સર્વેલન્સ રૂમ વિશે માહિતી લીધી. ત્યારબાદ તેઓ જાતે જ ત્યાં બેસીને ફૂટેજ જોવા લાગ્યા. કહેવાય છે કે મુંબઈ પોલીસ પાસે શંકાસ્પદોના ફોટા હતા, પરંતુ મામલાની સંવેદનશીલતા અને ગુપ્તતાને કારણે સ્થાનિક RPF સ્ટાફને તે ફોટા બતાવવામાં આવ્યા નહોતા. તેથી સ્થાનિક અધિકારીઓને પણ ખબર પડી નહિ કે આખરે કોની શોધ ચાલી રહી છે?

## સીસીટીવીના ફૂટેજમાં ત્રણેય શકમંદો દોડતા દોડતા સુરત રેલવે સ્ટેશનમાં આવીને ચાલુ ટ્રેનમાં ચડતા દેખાયા

શકમંદો જે ટ્રેનમાં ચડ્યા તેનાથી તેઓ વાકેફ હતા અને તેને કારણે મુંબઈ ક્રાઈમ બ્રાંચે તપાસ પુણે-જયપુર એક્સપ્રેસ ટ્રેન સાથે જોડી હતી. આ ટ્રેન રાત્રે લગભગ 1:35 વાગ્યે સુરત સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1 પર આવી ...અનુસંધાન પાના 5 પર



# દ.ગુજરાતના છ જિલ્લામાં આજે વરસાદની આગાહી

**છોટા** ઉદેપુર, ડાંગ, નવસારી, વલસાડ અને તાપી સહિત દમણ-દીવ વિસ્તારમાં આજે હળવા વરસાદ અને ગાજવીજની શક્યતા

અમદાવાદ: રાજ્યમાં એક તરફ ઓક્ટોબરના અંતમાં પણ ગરમીનો પારો ઊંચો રહેતાં લોકો ત્રસ્ત છે, તો બીજી તરફ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતાએ હવામાનમાં પલટાના સંકેત આપ્યા છે. હવામાન વિભાગની ૨૦ ઓક્ટોબરની આગાહી મુજબ દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, ડાંગ, નવસારી, વલસાડ અને તાપી જિલ્લામાં તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડી શકે છે. સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં પણ આવી જ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

## રાજસ્થાનથી અરબી સમુદ્ર સુધી હવામાન પ્રણાલીઓ સક્રિય

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ રાજસ્થાન અને આસપાસના વિસ્તારોમાં સમુદ્ર સપાટીથી આશરે ૧.૫ કિમી ઊંચાઈ સુધીનું ચક્રવાતી પરિભ્રમણ યથાવત્ છે. દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનથી ઉત્તર-પૂર્વ અરબી સમુદ્ર સુધી આશરે ૩.૧ કિમીની ઊંચાઈએ વિસ્તરેલી ટ્રફ પણ સક્રિય છે. આ ઉપરાંત હિમાચલ પ્રદેશ અને તેની નજીકના પંજાબ પર આશરે ૩.૧ કિમીની ઊંચાઈએ પશ્ચિમી વિક્ષેપ સાથે સંબંધિત ચક્રવાતી પરિભ્રમણ યથાવત્ છે.

**જન્મદિવસની ઉજવણી કરી પરત ફરતી**

# અંકલેશ્વરની મીતલ મોદીનું કેનેડામાં અકસ્માતમાં મોત

**બે** વર્ષ માટે વર્ક પરમિટ મળતાં એડ્વોકેટ મીતલ પુત્રીને મૂકી કેનેડા ગઈ હતી

**પતિ** અને પુત્રીના વિઝા મળ્યા બાદ તેમને પણ કેનેડા બોલાવવાની તેની યોજના હતી

**મીતલ સાથે તેના** પાંચ મિત્રોનાં પણ મોતથી અંકલેશ્વર સહિત ભરૂચ, સુરત અને નવસારી પંથકમાં શોકની લાગણી



અંકલેશ્વર: અંકલેશ્વરના એન.ડી. નગરમાં રહેતી અને બે વર્ષ અગાઉ વર્ક પરમિટ પર કેનેડા ગયેલી મોદી સમાજની આશાસ્પદ યુવતી મીતલ આશિષ મોદી પ્રજાપતિનું માર્ગ અકસ્માતમાં કરુણ મોત નીપજ્યું છે. મીતલ સહિત પાંચ મિત્રોનાં મોત થતાં અંકલેશ્વર સહિત ભરૂચ, ...અનુસંધાન પાના 5 પર

# સ્મશાનમાં બે કલાકમાં આઠ મૃતદેહ આવ્યા જેમાં ત્રણ શતાયું

**આવી** અસામાન્ય ઘટના સામાન્ય દિવસોમાં અહીં બનતી નથી




સુરત : સુરતના અશ્વિનીકુમાર સ્મશાન ગૃહમાં સોમવારે એક ધ્યાન ખેંચાઇ તેવી ઘટના આકાર પામી હતી. અહીં બે કલાકમાં કુલ 8 મૃતદેહ અંતિમક્રિયા માટે આવ્યા હતા. જેમાંથી ત્રણની ઉંમર 100થી વધુ વયની હતી. આવી અસામાન્ય વાત સામાન્ય દિવસોમાં જોવા મળતી નથી. જેમાં એકની વય 107 વર્ષ, એકની 105 અને એકની 104 હતી. આ અંગે સ્મશાનભૂમિના કેરટેકર પંડ્યાના જણાવ્યા અનુસાર શતાયું વટાવેલા ત્રણ પાર્થિવ દેહ આવ્યા હતા જે સામાન્ય વાત નથી.

સુરતના સૌથી મોટા અશ્વિનીકુમાર સ્મશાન ગૃહમાં સામાન્ય દિવસોમાં રોજ અંદાજે ૩૦ થી ૪૦ અંતિમ સંસ્કાર થાય છે. આ સંખ્યા સુરત શહેરના સામાન્ય મૃત્યુદર અને સ્મશાનની ...અનુસંધાન પાના 5 પર

**અમદાવાદ અને સુરત એરપોર્ટ મારફતે સોનાની હેરાફેરી, ત્રણની ધરપકડ**

# ૧૯.૪૧ કરોડનું દાણચોરીનું સોનું જપ્ત

**વડોદરામાં** ગેરકાયદે મેલ્ટિંગ યુનિટ અને અમદાવાદની જ્વેલરી શોપ સુધી ફેલાયેલું નેટવર્ક

**રેવન્યૂ** ઈન્ટેલિજન્સે સોનાની દાણચોરી પાછળ સંડોવાયેલી આખી સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો

ગાંધીનગર: વિદેશથી સોનાની દાણચોરી કરીને સ્થાનિક બજારમાં ઘૂસાડવાના સંગઠિત નેટવર્કનો ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સએ ...અનુસંધાન પાના 5 પર

## દરોડામાં ૮૯૦ ગ્રામ સોનું અને પુરાવા મળ્યા



સંકલિત કાર્યવાહીના એક તબક્કામાં આશરે ૮૯૦ ગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગેરકાયદે ઓગાળવામાં આવેલા આશરે ૬.૪૧ કિલો સોના સાથે સંબંધિત ગુનાહિત પુરાવા પણ મળી આવ્યા હતા. અમદાવાદની જ્વેલરી શોપમાં વધુ તપાસ દરમિયાન બિનહિસાબી વિદેશી મૂળના સોનાના બિસ્કિટ મળી આવ્યા હતા. સાથે જ દુબઈ સ્થિત સિન્ડિકેટના મુખ્ય નાણાંકીય સહાયક સાથે જોડાયેલા અલગ હેન્ડલર મારફતે મોકલવામાં આવેલા આશરે ૫.૮ કિલો દાણચોરીના સોનાના વ્યવહારોને લગતા રેકોર્ડ્સ પણ મળી આવ્યા હતા. આ આંકડાઓ અલગ-અલગ તબક્કાની જપ્તી અને તપાસમાં મળેલા પુરાવાઓ સાથે સંબંધિત છે. સમગ્ર કેસને માત્ર એક જ સ્થળેથી થયેલી જપ્તી તરીકે જોવાનો નથી.

## દુબઈ સ્થિત નાણાંકીય સહાયકની ભૂમિકાની તપાસ

પ્રાથમિક વિગતો મુજબ, દુબઈ સ્થિત નાણાંકીય સહાયકના સમર્થનથી આ નેટવર્ક કાર્યરત હોવાની આશંકા છે. જોકે, સમગ્ર નેટવર્કમાં દરેક વ્યક્તિની ચોક્કસ ભૂમિકા અને નાણાંકીય વ્યવહારો અંગે તપાસ ચાલુ છે. એરપોર્ટથી સ્થાનિક બજાર સુધી સોનાની હેરાફેરીની દરેક કડીને તપાસના દાયરામાં લઈને દાણચોરીના નેટવર્કને તોડી પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## સોનું છુપાવવા નવીન પદ્ધતિઓનો ઉપયોગ

તસ્કરો સોનાને રોડિયમ કોટેડ પાતળા વાયરના સ્વરૂપમાં, ટ્રોલી બેગના લાઇનિંગમાં અને બેગની અંદર છુપાવેલી ગોલ્ડ પેસ્ટના રૂપમાં લાવતા હોવાની તપાસમાં વિગતો સામે આવી છે.



સ્વ. અશોકભાઈ લીમજીભાઈ પટેલ
જન્મ તારીખ : ૧/૪/૧૯૩૪
અક્ષરધામ ગમન તા.: ૧૭/૧૦/૨૦૨૬

વાત્સલ્ય પરિવારના મોભી,
સંનિષ્ઠ ગાંધીવાદી, સફળ શિક્ષક,
ગાંધી વિદ્યાપીઠ, વેડછીના મેમ્બર,
ગાંધી ખિદમત ઘર, સોનગઢના
સેક્રેટરી- પ્રમુખ
સ્વ. અશોકભાઈ પટેલ
અક્ષરનિવાસી થયા છે.

॥ પ્રાર્થના એવં શ્રદ્ધાંજલિ સભા ॥
તારીખ : ૨૧/૧૦/૨૦૨૬, બુધવાર સમય : સવારે ૧૦.૦૦ કલાકે
સ્થળ : સિનિયર સિટીઝન ક્લબ, શિશુદીપ હોસ્પિટલ પાસે, બારડોલી

: ભવદીય :
વિજયભાઈ અને વીણાબેન | ડૉ. જ્યોતિષ અને ડૉ. ભારતી | રક્ષાબેન અને દશરથભાઈ
ડૉ. મેહા - ડૉ. વિશાલ | ડૉ. માર્મિક - ડૉ. પૂજા | ડૉ. હાર્દિક - ડૉ. ભૂમિકા
ચિ. પાર્થ - શ્વેતા | ડૉ. માલવિક - ડૉ. નેહા | ડૉ. દીપમ - ડૉ. જીજ્ઞા

શિશુદીપ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ પરિવાર
સંપર્ક: ૯૮૨૫૨ ૭૮૨૨૪




સ્વ.ધનસુખભાઈ પરસોત્તમભાઈ પટેલ
સ્વ.તા: ૧૮-૧૦-૨૦૨૬

દુ:ખદ અવસાન બેસણું
દિલગીરી સહ જણાવવાનું કે અમારા બનેવીશ્રી ધનસુખભાઈ પરસોત્તમભાઈ પટેલનું તા: ૧૮-૧૦-૨૦૨૬ રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું બુધવાર તા. ૨૧-૧૦-૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી ૦૧:૦૦ દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)

લિ. સ્વશ્રુર પક્ષ
સ્વ. જંયતિભાઈ લખુભાઈ પટેલ(ઘંટીવાલા)
અરૂણભાઈ જયંતિભાઈ પટેલ(ઘંટીવાલા)
શૈલેષભાઈ જયંતિભાઈ પટેલ(ઘંટીવાલા)
વૃતિક અરૂણભાઈ પટેલ
જતીન શૈલેષભાઈ પટેલ
તથા સમસ્ત ઘંટીવાલા પરિવાર

બેસણાનું સ્થળ : રૂંઢ મગદલ્લા, જુના સિંગોતર માતાના મંદિર પાસે, ઘાંચી મોહલ્લો, સુરત.




સ્વ. રાજેશભાઈ જયંતિભાઈ પટેલ
સ્વ.તા. ૧૮/૧૦/૨૦૨૬

દુ:ખદ અવસાન-બેસણું
દિલગીરી સાથે જણાવવાનું કે મારા ભાઈ/પિતા/પતિ સ્વ. રાજેશભાઈ જયંતિભાઈ પટેલ નું અવસાન આસો સુદ આઠમ સવંત ૨૦૮૨ તા. ૧૮/૧૦/૨૦૨૬ રવિવારના રોજ થયેલ છે. પ્રભુ સદ્ ગતના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.
નોંધ:- ફુલહાર, બિસ્કીટ, પોટ પ્રથા, ભાટી પ્રથા લૌકિક રિવાજ સદંતર બંધ છે.
સદ્ગતનું બેસણું તા. ૨૧/૧૦/૨૦૨૬ને બુધવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાક સુધી અમારા નિવાસસ્થાને રાખેલ છે
બેસણાનું સ્થળ: બળિયા બાપાના મંદિર પાસે, કોલા સ્ટ્રીટ, ગામ:- ગવિયર, ડુમસ રોડ, સુરત - ૩૯૫૦૦૭

શોકાતુર
ગં.સ્વ.મીનાબેન રાજેશભાઈ પટેલ (પત્ની) | હેનિલકુમાર રાજેશભાઈ પટેલ (પુત્ર)
સ્વ. જયંતિભાઈ પરભુભાઈ પટેલ | સ્વ. ભાનુબેન જયંતિભાઈ પટેલ
ચંપકભાઈ જયંતિભાઈ પટેલ | ગાયત્રીબેન ચંપકભાઈ પટેલ
સંજયભાઈ (અમૃત) જયંતિભાઈ પટેલ | અનિતાબેન સંજયભાઈ પટેલ
દેવેન્દ્રભાઈ જયંતિભાઈ પટેલ | અનિતાબેન દેવેન્દ્રભાઈ પટેલ
જયંતિભાઈ (મંગુભાઈ) ભાણાભાઈ પટેલ (ભરથાણા) | સંગીતાબેન જયંતિભાઈ પટેલ
ડેનીશ, મીત, મિલન, આર્યન, હેતાર્થ, સર્મથ, મર્નથ